## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આ દિવાળીએ તમારા માટે સ્વીટનો વેંત નથી થાય તેમ... પરંતુ તમને એમ નહીં રાખું... હું ટ્વીટ તો કરીશ...!

# ભાજપની ગૌરવયાત્રા બે દિવસ ગાંધીનગર જિલ્લાના ગામોમાં ફરશે

## આજે છત્રાલમાં ગૌરવ યાત્રાનુ ભવ્ય સ્વાગત કરાશે નાયબ મુખ્યમંત્રીની હાજરીમાં જાહેરસભા યોજાશે : સરઢવ, રૂપાલ, પેથાપુરમાં પણ ગૌરવ યાત્રા પહોંચશે

ગાંધીનગર તા ૭

ભાજપની ગૌરવ યાત્રા આજે ગાંધીનગર જિલ્લામાં પ્રવેશ કરશે. ગુજરાતના ગૌરવ અને અસ્મિતાને ઉજાગર કરતી યાત્રા તા ૮ થી ૧૦ ઓકટોબર દરમિયાન જિલ્લાના વિવિધ વિસ્તારમાંથી પસાર થશે. ગૌરવ યાત્રાનુ ઠેર ઠેર સ્વાગત કરવામાં આવશે. ગૌરવ યાત્રા દરમિયાન નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં જાહેર સભા પણ યોજવામાં આવશે. જયારે કલોલથી આગળ વધી યાત્રા સરઢવ રૂપાલ પેથાપુર સહીતના વિસ્તારમાં પ્રવેશ કરશે. પેથાપુરમાં પણ જાહેરસભા યોજાશે.

ગુજરાતના ગૌરવ અને અસ્મિતાને ઉજાગર કરવાના ઉમદા આશય સાથે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ તેમજ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલની અધ્યક્ષતામાં ભાજપની ગૌરવ યાત્રાનો ગત તા ૧ ઓકટોબરના રોજ કરમસદથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. મધ્ય - ઉત્તર ઝોનની પ્રથમ તબક્કાની ગૌરવ યાત્રા આજે ગાંધીનગર જિલ્લામાં પ્રવેશ કરશે. તા ૮ થી ૧૦ ઓકટોબર દરમિયાન ગૌરવ યાત્રા જિલ્લાના ચારેય તાલુકાના વિવિધ ગામોમાંથી પસાર થશે. જેમાં તા ૮ ઓકટોબરના રોજ છત્રાલ ગામમાં યાત્રાનુ ભવ્ય સ્વાગત કરવામાં આવશે. સાંજે વાગે યાત્રાના સ્વાગતના અંતે જૈનવાડી સામે સ્થિત શારદા સર્કલ પાસે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલની હાજરીમાં અધ્યક્ષતામાં જાહેર સભાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે ત્યાંથી આગળ વધીને યાત્રા સરઢવ, રૂપાલ તેમજ પેથાપુર તરફ આગળ વધશે. આ યાત્રા તા ૯ ઓકટોબરના રોજ દહેગામના બારોટના સોમપુરા થઈ આગળ વધશે. ગૌરવ યાત્રામાં કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકર તેમજ ગુજરાતી ફિલ્મોના અભિનેતા નરેશ કનોડીયા પણ સહભાગી થશે.તા ૧૦ ઓકટોબરના રોજ માણસા રીદ્રોલ અને વેળા થઈને આગળ વધશે. ભાજપની ગૌરવ યાત્રા ૧૩૬૧ કીલોમીટર પ્રવાસ કરી ૭૬ વિધાનસભાને આવરી લેશે.

## સમાચારો સંક્ષિપ્તમાં

● આજે રાંધેજા તાલુકા પંચાયતની પેટા ચૂંટણી છે. ત્રિપાંખિયો જંગ આ બેઠક માટે ખેલાઈ રહ્યો છે. ૬ મતદાન મથકો પર મતદાન યોજાવાનું છે અને તે તમામ મતદાન મથકો સંવેદનશીલ હોવાથી પોલીસે પણ ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો છે. આ પેટા ચૂંટણીમાં ઈ.વી.એમ.થી મતદાન થશે અને ૧૦મીએ મતગણતરી થશે.

● ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી શ્રીમતી રમલાબેન પરમારની બદલી અમદાવાદ ખાતે કરવામાં આવી છે જયારે તેમના સ્થાને વસોના તાલુકા વિકાસ અધિકારી જાહનવીબેન પટેલને મુકવામાં આવ્યા છે.

● ચૂંટણી પંચ જિલ્લા કલેકટરો અને જિલ્લા પોલિસ વડાઓ સાથેની સમીક્ષા બેઠક સહિતની તમામ બેઠકો મહાત્મા મંદિર ખાતે યોજશે.



**ચિલોડામાં ક્ષત્રિય ઠાકોર સેનાની બાઈક રેલી...**

ગુજરાત વિધાનસભાના ચૂંટણીના પડધમ વાગતાં રાજકીય પક્ષો તથા સંગઠન દ્વારા ચૂંટણી પ્રક્રિયાના કામે લાગી જતાં પક્ષીય સભાઓ, બેઠકો તથા રેલીઓનો ધમધમાટનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ત્યારે ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠકો માટે કોંગ્રેસ - ભાજપના આગેવાનો દ્વારા જનજાગૃતિ અંગે બેઠકો અને સભાઓથી મતદારોને આકર્ષવા પ્રયાસ થઈ રહ્યા છે ત્યારે પૂર્વ વિસ્તારમાં ચિલોડા ખાતેથી ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા આગામી ૯મી ઓક્ટોબર-૨૦૧૭ના રોજ બે વાગે યોજનાર જનાદેશ સંમેલન અંતર્ગત એક બાઈક રેલીનું આયોજન કર્યુ હતું. આ બાઈક રેલી ચિલોડાથી પ્રસ્થાન કરાવ્યું હતું.

# જિલ્લાના ૪૦૦ દિવ્યાંગ મતદારો માટે તંત્ર ખાસ વ્યવસ્થા ઉભી કરશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના ૪૦૦ જેટલા દિવ્યાંગ મતદારો માટે વહીવટી તંત્ર મતદાન માટે ખાસ વ્યવસ્થા કરશે. જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો છે. અને બી.એલ.ઓ. દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમિયાન આ મતદારોને ઓળખી કાઢવામાં આવ્યા છે અને તેમણે મતદાન માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવા અંગે કરેલી વાતને ધ્યાને લઈ તંત્રએ આ વ્યવસ્થા ઉભી કરી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૦ મતદારો માટે વ્હીલચેર તથા ૨૦૦ મતદારોને મતદાન માટે મદદનીશની સેવા આપવામાં આવનાર છે. તંત્ર દ્વારા ચૂંટણીની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ માટે જુદી જુદી વ્યવસ્થાઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

દરમિયાન ચૂંટણી પંચે પણ આ વખતે તૈયારીઓથી લઈ મતદાન અને પરીણામ સહિતની બાબતોને આવરી લઈ ટવીટર એકાઉન્ટ તેમજ ફેસબુક પર ફીડબેક લેવાનો પણ મહત્વનો નિર્ણય કર્યો છે અને તે માટેની તૈયારીઓ પણ તંત્રએ કરી લીધી છે.

# પેન્શનરોના પાંચ પ્રશ્નો ન ઉકેલાતા આગબબુલા

પેન્શનરોના છેલ્લા ઘણા વર્ષોથી પાંચ પ્રશ્નો વણઉકેલ છે. જે પેન્શનરોના જીવન-મરણ સાથે સંકળાયેલા છે અનેકવાર રજુઆત કરવા છતાં નિવેડો આવતો નથી.

રાજય સરકારે ૭મા પગારપંચ મુજબ વિકલ્પ-૨ નો લાભ ૨.૫૭ના ગુણાંક આપેલ છે. પરંતુ વિકલ્પ-૧ પગાર પંચ મુજબ કેન્દ્ર સરકારે મે-૨૦૧૭થી જાહેર કરેલ છે. અનેક રજુઆતો બાદ સરકારનું પાણી હાલતું નથી પરિણામે પેન્શનરોમાં ઉગ્ર આક્રોશ છે. કેન્દ્ર સરકારે રાજસ્થાન અને બીજા રાજયોએ નિરાધાર, ત્યકતા, વિધવા, અપરિણીત પુત્રીને પેન્શનરના અવસાનબાદ કુટુંબ પેન્શન આપવાનું ઠરાવેલ છે. પરંતુ ગુજરાત સરકારમાં ૧૦ વર્ષથી આ પ્રશ્ન ટલ્લે ચડેલ છે. કેન્દ્ર સરકારે તબીબી ભથ્થું રૂ. ૧૦૦૦ જાહેર કરેલ છે. અનેકવાર રજુઆત છતાં આ પ્રશ્નનો ઉકેલ આવતો નથી.

રાજય સરકારે સાતમા પગાર પંચનો સ્વીકાર કરી અમલ કરેલ છે પરંતુ જાન્યુઆરી ૨૦૧૬થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૬ સુધીનું એરીયર્સ ચુકવેલ નથી. જેથી કર્મચારીઓ-પેન્શનરોમાં ભારોભાર અસંતોષ છે.

# માણસા ખાતે આમ આદમી પાર્ટીની ચૂંટણી ચર્ચા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૭

આમ આદમી પાર્ટીના માણસા વિધાનસભા મતવિસ્તારના કાર્યકર્તાઓ અને સમર્થકોની એક બેઠકનું આયોજન આજે માણસા મુકામે કરવામાં આવ્યું હતું.

આગામી વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવાર પસંદગી પ્રક્રિયા અને ચૂંટણી જીતવા માટે પૂર્વાયોજન માટે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ ચૂંટણી કન્વીનર આશુતોષ પટેલ આ સભામાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે શિક્ષણ, રોજગારી, ખેતી, સ્વાસ્થ્ય, વીજળી, પાણી, રોડ જેવા ક્ષેત્રોમાં અણધડ નીતિઓને કારણે જનતાની પરસેવાની કમાઈ રૂપી ટેક્ષના હજારો કરોડો



ખર્ચ્યા પછી પણ ગુજરાતની અધોગતિ થયેલ દેખાય છે. 'નામ બડે ઔર દર્શન ખોટે' એવો ઘાટ ગુજરાતની ભાજપા સરકારના ખોટી બડાઈ અને ડંભાસો મારતી ગતિશીલ ગુજરાત અને અડીખમ ગુજરાત, બેટી બચાવો, બેટી બઢાવો જેવી જાહેરખબરોનો થયો છે. આમ આદમીને ભાગે તો ખાનગીકરણને પાપે શાળા, કોલેજ, હોસ્પિટલ, રોડનો બેફામ ટોલ ટેક્સ જેવી સેવાઓ માટે માલિકો દ્વારા થતી લૂંટ ચૂપચાપ સહન કરવાનુ આવ્યું છે.

આમ આદમી પાર્ટીના માણસા વિધાનસભાના અધ્યક્ષ ડૉ. તુષારભાઈ જાનીએ પણ કાર્યકર્તાઓને સંબોધનમાં જણાવ્યું હતું કે પોતાના ફાયદા માટે મુસ્લિમ બિરાદરોને ભડકાવનાર મૌલવીઓ અને કોંગ્રેસી નેતાઓની જેમ હિંદુઓને ભડકાવીને પોતાની ખીચડી પકવનારા ભાજપાના ભડવા ઢોંગી રાષ્ટ્રવાદીઓ અને તકસાધુઓ આપણા હિંદુઓની અને દેશની શુ હાલત કરશે ? એ વિચારવુ જોઈએ. વિકાસના સાચા કામોને બદલે ખોટા અપપ્રચાર અને રાજકીય મિલીભગતથી રાજ કરનારા ભાજપા-કોંગ્રેસથી નિરાશ થયેલી ગુજરાતની જનતા એક સાચો વિકલ્પ શોધી રહી છે.

ઉત્તર ગુજરાત ઝોન મિડીયા કન્વીનર રાકેશ પ્રજાપતિએ પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું હતું કે ભાજપા-કોંગ્રેસની ભ્રષ્ટ નીતિ-રીતિથી મોહભંગ થયેલ ગુજરાતની જનતા વિધાનસભામાં ગુજરાતમાં ઐતિહાસિક રાજકીય પરિવર્તન લાવશે અને દેશને નવી રાહ દેખાડશે એવા વર્તારા જણાઈ રહ્યા છે.

